

RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

શ્રી રઘુવંશ સદા વિજયતે

શ્રી સૂર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનિષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિધ્ધિ

VOL-9 • ISSUE NO -3 • 5th MAY - 2021 • RETAIL PRICE : RS. 10 • PAGE - 48

કુછ સિખાકર યે દૌર ભી ગુજર જાયેગા
ફિર એક બાર હર ઇન્સાન મુસ્કુરાયેગા
માયુસ ન હોના મેરે રઘુવંશી ઈસ બુરે વક્તસે
કલ, આજ હૈ ઔર આજ, કલ હો જાયેગા.



# Dhaval Agri Exports LLP

www.dhavalagri.com

## *Winning Trust* ***Through Quality***

*Manufacturer and Exporter of Premium Quality Hulled Sesame Seeds, Natural Sesame Seeds, Groudnuts & Spices*



Natural Sesame Seeds | Hulled Sesame Seeds | Black Sesame Seeds

Cumin Seeds | Fennel Seeds | Black Cumin Seeds

BRC FOOD CERTIFICATED · USDA ORGANIC · fssai · SGS ISO 22000 : 2005 CERTIFIED COMPANY · Sedex · KOSHER INSPECTION SERVICE INDIA · FDA · HALAL · 3 Star EXPORT HOUSE Recognized by Govt. of India




**Annam Organics Pvt. Ltd.**
Our Retail Division of Agri Commodities

for business inquiry
info@annamorganics.com
+91 99242 99240

10th Consecutive year *years of excellence*

*Its been Tenth Consecutive year that we have got Awarded by IOPEPC (Govt. of India) as No. 1 Exporter for Hulled & Natural Sesame Seeds.*

**Address**
A-75, New Market Yard,
Morbi Road, Bedi Village,
Rajkot-360003. Gujarat.

**Contact**
Ph. 0281-2790291/92,
Email: sales@dhavalagri.com
Website: www.dhavalagri.com

મે - 2021

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**


પ્રકાશક / પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તત્કાલિન પ્રમુખ : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હરીશ બી. ઠક્કર

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

શ્રી લોહાણા મહાપરિષદ પત્ર વ્યવહારનું સરનામું :

મધ્યસ્થ કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.

રજી. કાર્યાલય
શ્રી લોહાણા મહાપરિષદ ભવન
લેન -૪, ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪

**સભ્યપદ :**
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

**ઈમેઈલ :**
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)

jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

**હેલ્પલાઈન નં. :**
૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮
વેબસાઈટ : www.lohanamahaparishad.org



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


| | |
|---|---|
| સૌજન્ય જાહેરાત - શ્રી સુરેશભાઈ ચંદારાણા | ૨ |
| માતૃસંસ્થાની અટારીએથી | ૪ |
| તંત્રી સ્થાનેથી | ૬ |
| મહામંત્રીશ્રીઓનું નિવેદન | ૮ |
| આત્મનિર્ભય થી આત્મનિર્ભર - શ્રી ગીરીશ દ્રેસવાલા | ૯ |
| મહિલા સમિતિનો અહેવાલ | ૧૧ |
| હૃદયાંજલી | ૧૩ |
| શાબાશ રઘુવંશી | ૧૭ |
| વરિષ્ઠ હોદ્દેદારો અને સમિતિઓ સાથે યોજાયેલ મિટિંગનો અહેવાલ | ૧૮ |
| બિઝનેશ ફોરમની મિટિંગ | ૧૯ |
| આંતરરાષ્ટ્રિય હોદ્દેદારોની ઓનલાઈન મિટિંગ | ૨૦ |
| શિક્ષિણ અને આરોગ્ય માટે જ્ઞાતિજનોને ફાળવાયેલ ધનરાશી | ૨૧ |
| આર્થિક સહાય આપવાની ઐતિહાસિક પહેલ | ૨૨ |
| સંસ્થા સમાચાર | ૩૨ |
| શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારશ્રીઓની વિગત | ૩૪ |
| સૌજન્ય જાહેરાત | |
| શ્રી કૌશિકભાઈ મજેઠીયા, અમદાવાદ | ૩૮ |
| શ્રી પોપટલાલ અંબારામ અખાણી, ભાભર | ૩૯ |
| શ્રી જીતેન્દ્રભાઈ એમ. ઠક્કર, નાસિક | ૪૦ |
| પરિન ફર્નિચર, રાજકોટ | ૪૧ |
| શ્રી રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી, રાજકોટ | ૪૨ |
| શ્રી ધવલભાઈ રૂપારેલીયા, વડોદરા | ૪૨ |
| આર્ટ ગ્રુપ - શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી | ૪૩ |
| લીટલ મોર એજ્યુકેશન ગ્રુપ - દિપ્તી ઠક્કર | ૪૪ |
| સુષ્મા ઠક્કર | ૪૫ |
| શ્રીજી શીપીંગ - શ્રી જીતુભાઈ લાલ - જામનગર | ૪૬ |
| પુરષોત્તમ કાનજી એન્ડ કંપની, દુબઈ | ૪૭ |
| ભરતભાઈ રૂપારેલ, દુબઈ | ૪૮ |


સુજ્ઞ જ્ઞાતિજનો

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સમગ્ર વિશ્વના લોહાણા મહાજનોનું પ્રતિનિધિત્વ કરતી જ્ઞાતિસંસ્થા છે. જ્ઞાતિનાં દરેક મહાજન એક કે તેથી વધુ (મહાજનની વસ્તી પ્રમાણે) સભ્યો મહાપરિષદની મધ્યસ્થ મહાસમિતિમાં એ મહાજનનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઉપરાંત પ્રમુખશ્રી સતીષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં નિમણૂંક થયેલ તમામ હોદ્દેદારોની યાદી આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. જ્ઞાતિના છેક છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવા દરેક પ્રદેશ કક્ષાએ રિજિયોનલ પ્રમુખની પણ નિમણૂંક કરાઈ છે.

આપ સૌને નમ્ર વિનંતી છે કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સાથે આપને શિક્ષણ, આરોગ્ય, સામાજિક, આર્થિક, વ્યવહારિક કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો થાય ત્યારે સીધે સીધા મહાપરિષદનો સંપર્ક ન કરતા, પહેલા આપ આપના મહાજનના મહાપરિષદ મધ્યસ્થ મહાસમિતિના પ્રતિનિધિ અથવા રિજિયોનલ પ્રમુખ કે ઝોન પ્રમુખશ્રીઓના માધ્યમથી સંપર્ક કરશો કે જેથી આપનું દરેક કાર્ય યોગ્ય રીતે સરળતાથી થઈ શકે. આપના સહકારની અપેક્ષા સહ.

**શ્રી હરીશ ઠક્કર**
**મહામંત્રીશ્રી**

**ડૉ. સુરેશ પોપટ**
**મહામંત્રીશ્રી**

## માતૃસંસ્થાની અટારીએથી...



# સૌનો સાથ, સહયારો પ્રયાસ.

આદરણીય સૌ વડિલો, ભાઈઓ - બહેનો અને યુવાન દોસ્તો,

સૌને જય જલારામ.... જય રઘુવંશ... જય મહાપરિષદ....

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને પોતાના અજગરી ભરડામાં લીધું છે. આપણો ભારત દેશ અત્યારે તેના સેકન્ડ વેવની ભયાવહ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં કોરોનાએ આપણા કેટલાય પરિચિતોનો ભોગ લીધો. જિંદગીની રાહ પર જેમની પૂરપાટ અને પૂરબહાર ગાડી દોડતી હતી તેવા આપણા અસંખ્ય પરિચિતો, આપણી જ્ઞાતિના સ્વજનો, મિત્રો હસતા રમતા સાવ અચાનક સ્વર્ગ તરફ ડાયવર્જન કરી આપણને આબાદ છેતરીને આઘાત આપી ગયા.

રઘુવંશી સમાજના જે જે પરિવારો એ પોતાના કોઈ સ્વજન, પ્રિયજન, પરિવારજન ને ગુમાવ્યા છે તે સૌ પરત્વે મારી સદભાવના, સંવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરું છું. પ્રભુ સૌ દિવંગતો ના આત્માને પરમશાંતિ અર્પે અને તઓના પરિવારને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે. આ સૌ માટે માતૃસંસ્થા મહાપરિષદ હૃદયપૂર્વકની પ્રાર્થના કરે છે. ખાસ કરીને આપણા પિતાતુલ્ય માર્ગદર્શક અને પ્રેરકબળ સમા પૂ. નવિનચન્દ્ર રવાણી સાહેબ, જ્ઞાતિ રત્ન અને ઉત્તમ સેવક શ્રી યોગેશ પુજારા (રાજકોટ), શ્રી પ્રકાશભાઇ કારિયા (અમદાવાદ), શ્રી અંતુભાઈ સોઢા (સાવરકુંડલા), શ્રી શશીકાંતભાઈ ઠક્કર (ભુજ), શ્રી જયસુખભાઈ પોપટ (અમરેલી), શ્રી માધવલાલ અનારકાટ (અમદાવાદ) અને એવા અનેક ઉમદા સેવકોને ગુમાવ્યાનો હંમેશા અફસોસ રહેશે. જ્ઞાતિ તેઓની નિસ્વાર્થ સેવા અને માનવતાપૂર્ણ કાર્યોને હંમેશા યાદ રાખશે.

વ્હાલા ભાઈઓ - બહેનો, ભયના આ માહોલની વચ્ચે આ સંકટની સામે આપણી સરકાર તમામ બેસ્ટ પ્રયત્નો કરી રહી છે ત્યારે માતૃસંસ્થા મહાપરિષદ પણ આ દિશામા સઘન શ્રેષ્ઠ પ્રયત્નો સૌના સાથ સહકારથી કરી રહી છે. રઘુવંશી સમાજનો દરેક પરિવાર આ મહામારી થી બચી શકે, કમનસીબે જો સંક્રમિત થયા હોય કે સંક્રમિત થયા પછી કોઈ મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય, મેડિકલ કીટ, હોસ્પિટલાઈઝેશન ઓક્સિજન વગેરે જેવી જે કોઇપણ વિકટ પરિસ્થિતિ નો સામનો કરી રહ્યા હોય તે સૌને હુંફ, લાગણી, માર્ગદર્શન, સહાય અને જરૂરી તમામ સગવડતાઓ પૂરી પાડવા મહાપરીષદ દ્વારા તમામ ઝોનલ પ્રમુખશ્રીઓ, રિજિયોનલ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓના નેતૃત્વમાં દરેક શહેર અને પ્રદેશ કક્ષાએ કોવિડ કન્ટ્રોલ સોલ્ઝર્સ ની ઓછામાં ઓછા દસ જણની ટીમ તૈયાર કરવાની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે અને આ અંક આપને મળશે ત્યાં સુધીમાં રાષ્ટ્ર કક્ષાએ નિયુક્ત થયેલ દરેક પ્રદેશની આ ટીમને રઘુવંશી પરિવારોને કોવિડ સામે રક્ષણ આપાવવા સંપૂર્ણ તાલીમ આપી કાર્યરત કરી દીધી હશે. અત્યારે ઘણાબધા સ્થળોએ આવી ટીમ સ્થાનિક મહાજનના સહકારથી પૂરજોશમાં કાર્યરત બની જ્યાં આઇસોલેશન સેન્ટરની જરૂરિયાત હોય ત્યાં શરૂ કરી દીધા છે, ઘણા સ્થળોએ દવાની કીટ વિનામૂલ્યે આપણા સમાજના લોકોને આપવાનું હાથ ધરાયું છે, ઉકાળા વિતરણ, ભોજન - ટિફિન સેવા, રઘુવંશી ડોક્ટર્સ દ્વારા ટેલીફોનીક કાઉન્સેલિંગ, યોગ્ય સલાહ સૂચન વગેરે બધાજ પ્રકારની સેવા છેક છેવાડાના રઘુવંશી સુધી પહોંચવાનું શરૂ થઇ ચૂક્યું છે.આ બધું આટલી ત્વરિત ગતિએ સૌના સાથ અને સહિયારા પ્રયાસથી શક્ય બન્યું છે. આપણા ત્રણેય વરિષ્ઠ ઉપપ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ઝોનલ પ્રમુખશ્રીઓ,

રિજિયોનલ પ્રમુખશ્રીઓ, યુવાનો, આઈટી અને સોશિયલ મિડિયા ટીમ, સ્થાનિક મહાજનશ્રીઓ આ સૌનો સહકાર અને ત્વરિત ગતિએ કોવિડનો ભોગ બનેલા રઘુવંશીઓની થઈ રહેલી સેવા દર્શાવે છે કે સૌનો સાથ અને સહિયારા પ્રયાસથી આપણે રઘુવંશી સમાજમાંથી કોરોના નો જરૂર નાશ કરીશું અને રઘુવંશીઓ ના વિકાસ ને આગળ ધપાવીશું.

મિત્રો, જીવનમાં મુશ્કેલ જનક સમય આવે, વિષમ પરિસ્થિતિ આવે તો પણ જીવનને આગળ તો ધપાપવું જ પડે, The Show must Go on" જીવન નિર્વાહ માટે નોકરી, વ્યવસાય કરવાં જ પડે, સરકારની ગાઈડલાઈનને ચુસ્તપણે અનુસરી જીવન વ્યવહારો નિભાવવા જ પડે. સૌથી અગત્યનું આપણા દિકરા - દિકરીઓને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રેષ્ઠ શિક્ષણ અપાવવું જ પડે. આ માટે માતૃસંસ્થા મહાપરિષદ એક નવી પહેલ શરૂ કરી છે. અત્યાર સુધી આપણે ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ આપતાં પણ હવે સૌ શ્રેષ્ઠી દાતાઓના સહકારથી પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણની તમામ શાખાઓ, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જ્ઞાતિના તેજસ્વી હોનહાર જરૂરિયાતમંદ દિકરા - દિકરીઓને સ્કોલરશીપ આપવાનું નક્કી કર્યું છે, જેની સંપૂર્ણ વિગત આ અંક માં સામેલ છે. તેને કાયમ માટે સાચવી રાખજો.

મિત્રો, હું દ્રઢપણે સંગઠન શક્તિમાં માનું છું. જો આપણે જ્ઞાતિ ના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી તેના વિકાસ માટે પ્રયત્ન કરવો હશે તો એક જૂથ રહી સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા સંગઠિત થવું જોઈએ. આ હેતુના ભાગ રૂપે જ આપણે ઝોન થી રિજિયોનલ પ્રમુખ સુધી પોહચ્યા છીએ. હાલમાં ખુબજ મક્કમ ગતિએ આપણે વિવિધ વિસ્તારમાં વિવિધ હોદ્દેદારોની નિમણૂકો પણ આપી છે, અને આ પ્રક્રિયા ચાલુ જ છે. આપણા યુવા સમિતિ પ્રમુખ ખુબજ ડાયનેમિક છે તો આઇ ટી અને સોશિયલ મીડિયા સેલ ના પ્રમુખ ખૂબ જ ઉત્સાહિ IT તજજ્ઞ છે. શ્રી નિમેષ માણેક અને વૈભવભાઈ ના સંકલનથી આપણે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિયકક્ષાએ સૌ જ્ઞાતિજનો સાથે લાઈવ સંપર્કમાં રહી કોરોના કેર અને કંટ્રોલીગ ની કામગીરી વધુ અસરકારક રીતે કરી શક્યા છીએ.

ટેકનોલોજીના આ કુશળતાપૂર્વક ના ઉપયોગને લઈને જ આપણે આપણા આરાધ્ય દેવ ભગવાન શ્રીરામના પ્રાગટ્યોઉત્સવ ને પૂજનીય સંતો શ્રી હરીશભાઇ શાસ્ત્રી, શ્રી ક્રિષ્ના દત્તે શાસ્ત્રી અને પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા ના સાનિધ્યમાં ઊજવી તેઓ ના આશિર્વચન પ્રામ્યા સાથે સાથે શ્રી પરિક્ષિત જોબનપુત્રા ને પણ ખૂબ જ રસાળ શૈલીમાં માણ્યા. આ સફળ સમારોહ માટે હું આધ્યાત્મિક સમિતિ અને સ્કીલડેવલપમેન્ટ સમિતિ અધ્યક્ષશ્રીઓને અભિનંદન પાઠવું છું. એજ રીતે આધ્યાત્મિક સમિતિ દ્વારા શ્રી હનુમાન જયંતિની ઉજવણી પણ બીએપીએસના સંત પૂજ્ય અક્ષરચરિત સ્વામીના આશીર્વાદ સાથે કરી. યુવા અધ્યક્ષ શ્રી ચિંતન ના સંકલન થી ડૉ. અગમ વોરા સાથે ઇ- ટોક શો દ્વારા કોવિડ અંગે ની ખુબજ ઉપયોગી માહિતી મેળવી. ટેકનોલોજી થી જ અવારનવાર સૌ હોદ્દેદારો સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેમજ વિવીધ સ્થાયી સમિતિઓના અધ્યક્ષ અને હોદ્દેદારો સાથે ઓનલાઇન મિટિંગ નો દોર ચાલુ રાખી બધા આયોજનો પણ થઇ રહ્યા છે. આગામી સમયમાં પણ ટેકનોલોજીનો ફળદાયી ઉપયોગ કરી વિવિધ કાર્યક્રમો કરીશું.

ભાઈઓ-બહેનો, માતૃસંસ્થાનો મને મળેલો ભવ્ય વારસો હું અને મારી ટીમ સેવાની સાથે સ્નેહાળ સંબંધો અને સારપના સદ્દગુણો થકી સૌના સાથ અને સહિયારા પ્રયાસ દ્વારા જાળવવાનો નમ્ર પ્રયાસ કરીશું તેમજ સંપ, એકતા અને સૂહૃદયભાવથી રઘુવંશી સમાજ નો વિકાસ સાધવા સતત મથીશું. જો આપણે સૌ ખભે ખભા મિલાવી ને કામ કરીએ તો 'એક ને એક બે નહી પરંતુ અગિયાર થાય'. ચાલો, આપણે નકાર થી વિમુખ થઈ સકારની સન્મુખ થઈએ કે જેથી મહાન અને દુષ્કર કાર્ય પણ સહજ અને સુકર બને. આપણા સૌના સહિયારા પ્રયાસથી સમાજમાથી કોરોના નો સંપૂર્ણ નાશ થાય અને રઘુવંશીઓનો વિકાસ થાય !! અંતમાં પરમ પિતાને પ્રાર્થના કે હે પ્રભુ સમગ્ર માનવ જાતિને આ વિકટ પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવો.સૌને સ્વસ્થ તંદુરસ્તી સાથે મનદુરસ્તી આપો.

**સતિષ ડી. વિઠ્ઠલાણી**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

## તંત્રી સ્થાનેથી

# કોવિડ-૧૯ : કેળવણી અને શિક્ષણ


આકાશમાં જઇને વિવિધ રંગ વેરતા ફટાકડાની જેમ અચાનાક થયેલા કોરોનાની બીજી લહેરના ઝબકારાએ આપણને સૌને સફાળા જગાડી દીધા છે. બધુ ક્ષણ ઉપર આવીને અટક્યું છે. માણસ મર્ત્ય છે, એ તો જાણીએ છીએ પણ તે મૃત્યુ આટલી ઝડપથી આવી શકે, ભરખી જઇ શકે એવુ ધારણાઓથી પણ વધુ બિહામણું છે તે આ કોવિડ - ૧૯ થી સમજાયું. આવી ભયાવહ સ્થિતી વચ્ચે પુર્ણતઃ નહિ પણ આંશિક લોકડાઉન જેવી સ્થિતી લાગુ કરવાની ફરજ આપણી સરકારોને પડી છે. કોરોનાને કાબૂ કરવાની જવાબદારી એકલી સરકારની તો નથી જ આપણા સહુની છે. છેક જાન્યુઆરીથી લોકોને સતત સમજાવાય છે કે વેક્સિન ની સાથે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિગ જ હાથવગા હથિયાર છે. છતા તેના અનુકરણમાં દાખવેલી ગંભીર બેદરકારીનું પરિણામ આજે જોવા મળી રહ્યું છે.

ભારતમાં કોવિડ - ૧૯ ના પ્રવેશને એક વર્ષ ઉપરનો સમય થઇ ગયો, હવે એ પ્રવેશ પછી કંઇક વધુ સ્થિર થતો જાય છે. નવા નવા વરવાં રુપો તે પ્રગટ કરતો જાય છે. તેથી એક વાત એવી સ્પષ્ટ થતી આવે છે કે હવે માણસે કોવિડ - ૧૯ વચ્ચે કે એવી કોઇક સ્થિતી વચ્ચે જ જીવવાનું રહેશે અથવા જીવવાનું બનશે.  પેચીદો પ્રશ્ન અહીથી શરૂ થાય છે. જો આ રીતે જ જીવવાનું હોય, આવી વિકલ મનઃસ્થિતિ વચ્ચે શ્વાસ ભરવાના હોય તો આપણા આ સમયની કેળવણી કે શિક્ષણનું રૂપ કેવું હોઈ શકે, કેવું શિક્ષણ કે કૌશલ્ય આપણે કેળવવું જોઇએ કે જેથી આપણે આપણા મનને સ્થિર કરીને અસ્થિર જીવન વચ્ચે પણ આનંદની લહરીઓનો અનુભવ કરી શકીએ.

તજજ્ઞો કહે છે કે હવેનુ આપણું આ જે જીવન છે તે નોર્મલ નથી, તો એની સાથે એ એબનોર્મલ પણ નથી. સામાજિક નિષ્ણાતોએ આ આપણા નવા જીવનને ન્યુ નોર્મલ એવું નામ આપેલું છે. ન્યુ નોર્મલ એટલે બદલાયેલા સામાજિક જીવનના સિદ્ધાંતો, જે હવે સર્વકાલીન રહેવાના છે. આપણે ત્યાં ભણેલા અને અભણ એવી બે જુદી જુદી કેટેગરી છે, પરંતુ કોરોનાની બાબતમાં તો ભણેલા હોવા છતાં અભણ હોય એવું વર્તન કરનારાની સંખ્યા બહુ મોટી છે. સરકારનું એ કામ નથી કે પ્રત્યેક નાગરિક સાથે રહીને એને જીવન શિક્ષણ આપે. આ જે ન્યુ નોર્મલ જીવન છે એને અપનાવ્યા વિના મુક્તિ નથી. એક તો આહાર વિહારની શુદ્ધિ દ્વારા શરીર સંપત્તિને સમૃદ્ધ અને નિરોગી રાખવાની છે, તો સાથે સાથે પોતાની જીવનશૈલી અને કાર્ય કલાપ એવી રીતે ગોઠવવાના છે કે પોતે ક્યાંયથી પણ કોવિડથી સંક્રમિત ન થઇ જાય. આ કામ દેખાય છે એના કરતા બહુ જ અઘરું છે તેમ છતાં પોતાની ચોક્કસ જીવન પદ્ધતિને કારણે કોરોડો લોકો સંક્રમણથી પોતાને બચાવી શક્યા છે. તેથી કોવિડની આ મહામારી સામે લડવા સ્વસ્થતા, સજજતા અને સંકલ્પ એક સહજ ઉપાય છે. ચાલો આપણે સૌ કોવિડની કેળવણીનાં કેટલાક સંકલ્પો લઇએ.














● મને કશું જ થતું નથી અને થવાનું નથી એવા ભ્રમમાં રાચવાને બદલે મને કોવિડનું સંક્રમણ ન થાય તે માટે સરકારના તમામ નિયમો જેવા કે માસ્ક, સામાજિક અંતર, હાથ સેનેટાઇઝ કરવાની સાથે ગરમ પાણીની વરાળ લઇશ, તેમજ ઇમ્યુનિટી વધારવા તજજ્ઞો દ્વારા પ્રમાણિત ઘરગથ્થું ઉપચાર અને અન્ય તમામ પ્રયત્નો કરીશ.

● હા, ઇમ્યુનિટી એ બજારમાં મળતુ તૈયાર ફળ નથી કે ખરીદીને ઝટ ખાઈ શકાય અને ઈમ્યુનિટિ વધી જાય. આ માટે નિયમિત કસરત, સાત્વિક ગરમ અને પૌષ્ટિક ભોજન, વ્યસનમુક્તિ, ફળાહારની ટેવ વગેરે જેવી કોરોના સમયની આ કેળવણીનો અચુક અમલ કરીશ.

● જંકફુડ, ફાસ્ટફુડ, ઠંડાપીણા, આઈસ્ક્રીમથી દૂર રહીશ કેમ કે સાદી શરદી કે ઉધરસ થશે તો પણ કોરોનાની શંકા થવાની અને જયાં સુધી રિપોર્ટ ન આવે ત્યાં સુધી બધાને ડર રહે, પરિણામે આઈસોલેશનમાં રહેવું પડે એ જુદું.

● મારી ઓફિસમાં કે સહકર્મચારી સાથે નજીકથી જઇને વાતચીત નહીં કરું. મિત્રો કે પાડોશીઓ જોડે ઓટલા પરિષદમાં નહીં જોડાઉ. સામેની વ્યક્તિએ માસ્ક પહેર્યો નહીં હોય તો તેને વિનમ્રતાપૂર્વક પહેરવાનું કહીશ, ખરીદી કરતી વખતે લારી કે દુકાનવાળાએ નાક પર માસ્ક રાખેલ હશે તો તેને પણ પહેરવા વિનવીશ. હું સૌને સમજાવીશ કે હું માસ્ક માત્ર મારા માટે જ નહિં પરંતુ મારા પરિવાર, પાડોશી કે અજાણ્યાની સલામતી ખાતર પણ પહેરીશ જ. બન્ને ડોઝ વેક્સિન મુકાવી હોય તો પણ માસ્ક તો પહેરીશ જ.

● આપણી જાતને હવે એ બાબતથી પણ કેળવીએ કે અત્યારે મેળાવડા, તહેવાર કે ઉત્સવ મહત્વના નથી. જો શરીરમાં શ્વાસનો ઉત્સવ ઉજવાતો રહેશે તો જિંદગી આનંદદાયક રહેશે અને પરિવારમાં પણ ઉત્સાહ રહેશે.

● સૌથી અગત્યનું, વેક્સિન સૌથી મોટુ રક્ષાકવચ છે એ આપણે સૌએ સમજવું જોઇએ અને અન્યને પણ સમજાવવું જોઇએ. વિશ્વભરના વિજ્ઞાનીઓ અને તબીબી જગતના લોકો હવે લગભગ એવા સ્પષ્ટ નિરાકરણ પર આવી ચૂક્યા છે કે જેઓએ કોરોનાની રસીના બે ડોઝ લીધા છે અને તેના અમુક દિવસો પછી તેમાંથી કેટલાકને કોરોના થયો પણ છે તો તેઓને ગંભીર સ્થિતિ સાથે હોસ્પિટલમાં સારવાર નથી લેવી પડી, તેઓનું કોરોનાને લીધે મૃત્યુ થવાની શક્યતા તો જવલ્લે જ જોવા મળી છે. તોથી જો આપણે સૌ જેમ બને તેમ વેક્સિનના બે ડોઝ પૂર્ણ કરીએ તો હોસ્પિટલોની હાડમારી, ઓક્સિજન અને ઇન્જેક્શન માટેના વલખા, કોરન્ટાઇન, તગડા મેડિકલ બિલ, આર્થિક પાયમાલી અને માનસિક પીડા તેમજ ભયના વાતાવરણમાંથી મુક્ત થઇ શકીશું.

● ટૂંકમાં, આપણે કોવિડ-૧૯ની આટલી કેળવણી કે શિક્ષણ તો કેળવીએ જ કે સૌ વેક્સિન લઇએ, અન્યને પણ લેવડાવવા વિનવીએ, માસ્ક અચુક પહેરીએ, અકારણ બહાર ન ફરીએ, હમણા કોઇ મેળા, મેળાવળામાં ન જઇએ. બસ આપણે સૌ સ્વસ્થ રહીએ એજ અત્યારે તો સમાજ કે જ્ઞાતિ સેવા, જનસેવા અને દેશ સેવા પણ છે.

● માતૃસંસ્થા મહાપરિષદના માનનીય પ્રમુખશ્રી સહિત સૌ હોદ્દેદારો સર્વ ને નમ્ર અપીલ કરી ઉપરોક્ત કોવિડ - ૧૯ કેળવણીના અમલ માટે વિનંતી કરીએ છીએ.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના




## મહામંત્રીશ્રીઓનું નિવેદન

# ચાલો હકારાત્મક અભિગમથી પરિસ્થિતિનો સામનો કરીએ



વ્હાલા રઘુવંશી ભાઈઓ-બહેનો,

છેલ્લા કેટલાક સમયથી આપણે સૌ ચારે તરફ ભય, પીડા, ચિંતા, વ્યથા, આક્રોશ, અભાવ અને એવી કેટલાય પ્રકારની લાગણીઓ ફેલાયેલી જોઇ રહ્યા છીએ. ઈશ્વર જે પ્રાણ અને વાયુ મફતમાં આપતો આવ્યો છે તે અત્યારે લાખો રૂપિયા ખર્ચવા છતાં મળતા નથી. આ એવી નગ્ન વાસ્તવિકતા છે જેને સમગ્ર માનવ જાતે જોવી, જાણવી અને અનુભવવી તો પડી જ રહી છે. કોઇ કહે છે કે અમારા સગા પોઝિટિવ છે, ફલાણા ભાઈ ગુજરી ગયા, પોઝિટિવ આવ્યાના બે જ કલાકમાં કેસ પૂરો થઇ ગયો બસ આવી જ કઇક વાર્તા ચાલ્યા કરે છે. જોડે જોડે એવું પણ જોવા મળે છે કે, કોઇ હોસ્પિટલમાં બેડ ખાલી નથી, ઓક્સજિનનો અભાવ છે, વેન્ટીલેટર ખુટી પડ્યા છે અને જાણે કે માણસ જાતની જ સપોર્ટ સિસ્ટમ ખોરવાઈ ગઇ છે. ચારે તરફ બસ આક્રંદ અને વેદનાના ચિત્કાર મળી રહ્યા છે. પૂરાય વિશ્વમાં જાણે કે પોઝિટિવિટી જ ક્યાંક અલોપ થઇ ગઇ હોય તેવું લાગ્યા કરે છે અને પોઝિટિવિટી છે તો તે માત્ર લેબના રિપોર્ટમાં.

કાબુની બહાર ગયેલી આ સ્થિતિનો ઊપાય એક જ છે અને તે છે હકારાત્મક અભિગમથી સાથે મળીને પરિસ્થિતિનો સામનો કરવો. આપણા ધર્મો અને શાસ્ત્રો, મહાપુરુષો અને સંતો આપણને આ જ સમજ અને બોધ આપે છે કે મજબૂત મનોબળ કેળવી આપણી જાતને મદદ કરીએ અને બીજાને પણ રાહત આપવા મદદરુપ થઈએ. કુદરત પણ આપણને તેના ઋતુચક્રથી શીખવે છે કે ઉનાળા પછી વરસાદની ઠંડક થાય છે, પાનખર પછી વસંત આવે છે, સૂર્યના અસ્ત પછી ઉદય થાય છે અને રાત્રી પછી દિવસ ઉગશે જ. એમ દુઃખ પછી સુખ આવવાનું જ છે. જો આપણે કોરોના મહામારીના દુઃખમાં હતાશ થયા વગર તેની સામે હકારાત્મક અભિગમ સાથે લડતા શીખીશું તો જ જીત મેળવી શકીશું.

હા, છેલ્લા કેટલાક સમયમાં આપણે આપણા ઘણા પરિચિતો, સ્વજનો, જ્ઞાતિના મોભીઓ સર્વશ્રી નવીનચંદ્ર રવાણી, શ્રી યોગેશભાઈ પૂજારા, શ્રી અંતુભાઈ સોઢા, શ્રી જયસુખભાઈ પોપટ, શ્રી પ્રકાશભાઇ કારીયા, શ્રી માધવબાપા  જેવા અનેક રઘુનંશી રત્નો, માર્ગદર્શક શ્રીઓ અને આજીવન જ્ઞાતિ સેવામાં ભેખધારી લોકોને ગુમાવ્યા છે, જેનો આપણને અનહદ રંજ અને અફસોસ છે. તેઓની સમાજમાં હંમેશા ખોટ ન પૂરાય તેવી અનુભવાશે. આ તકે આ શ્રીજી ચરણ થયેલા આ સૌ નામી-અનામી દિવગંતોના આત્માની પરમ શાંતિ માટે આપણે સૌ હૃદયથી પ્રાર્થના કરીએ છીએ.

ભાઈઓ-બહેનો, આપણા પર આવી પડેલું આ દુઃખ ખુબ જ અસહ્ય છે, પણ આપણે જ નહિ સમગ્ર વિશ્વ તેનો સામનો કરી રહ્યું છે. બસ ભગવાન પર શ્રદ્ધા રાખીએ, સંતો હંમેશા કહે છે કે ભગવાન જે પરિસ્થિતિમાં રાખે તેમાં આપણે રાજી રહીએ અને અન્યને પણ રાજી કરીએ. ખુબ જ હકારાત્મક અભિગમથી નિરાશાઓમાં પણ આશાનો દીપ પ્રગટાવી રાખીએ, આ સમય પણ પસાર થઇ જશે.

**ડૉ. સુરેશ પોપટ**
**મહામંત્રીશ્રી**

**શ્રી હરીશભાઈ ઠક્કર**
**મહામંત્રીશ્રી**

# 'આત્મનિર્ભય થી આત્મનિર્ભર'

**'વડિલ કેમ છો ? જય સ્વામિનારાયણ', આત્મિયતાનો આવો ભાવ કોને ન ગમે?**

વડિલ અને વડલો બંને સુખ આપનારા ગણાય. વડીલની છત્રછાયા શાંતિ અર્પે, તો વડલાની છાયામાં હાશ અનુભવાય આગ ઝરતી ગરમીમાં વિશાળ ફેલાયેલ વડલાનું વૃક્ષ પરમ સુખ આપે, તેથી વડલો અંગે વડિલ આપણા ધર્મમાં બંને પૂજનીય છે.

લોહાણા મહાપરિષદના વરિષ્ઠ સ્થાન ગ્રહણ કરનાર શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીનો ફોન કે રૂબરૂ મુલાકાત થાય ત્યારે સહુથી પહેલાં ઉપરના સંબોધનથી વાતની શરૂઆત થાય. તેઓશ્રી સાથે સારી એવી નિકટતા રહી છે અંધેરી લોહાણાની વાડી હોય કે તેઓની અમારી ભુલેશ્વરની નજીકની ઓફિસ અથવા સારા માઠા પ્રસંગોમાં મળીએ. ક્યારેક તેઓના ઘરે રશ્મિબેનની મહેમાનગતી પણ માણીએ.

તમોએ દરિયા ઉછળતા મોજાની રંગત માણી જ હશે. કિનારાની જોરદાર થપાટનો આનંદ કેવો ? પાછા તે જ સ્થાનેથી દૂર દૂર શાંત સમુદ્રમાં નાના-મોટા તરંગો દેખાય અને વર્ષાઋતુમાં તો નાના દેખાતા મોજા વિશાળ રૂપ ધારણ કરી જાણે સમુદ્ર વિરાટ દર્શન કરાવે !

સતીશભાઈને નજીકથી નિહાળો તો શાંતચિત્તે તેમના લક્ષ્યની તૈયારી કરતા જણાય. કોમ્પ્યૂટરના સહારે તેઓના ધંધાકીય ઉત્કર્ષના ગ્રાફમાં ઝીણવટ રાખે અને સાથોસાથ સમાજના અનેક નાના-મોટા પ્રશ્નોને પણ તેમાં ગૂંથી લે (ફીટ કરી લે). તેઓ સંસ્થાના કાર્યોને પારદર્શતા આપવામાં પણ પાછળ ન હઠે !

વડીલ, તમો અમારી ઘોઘારીની વેબસાઇટ પર જાવ કે ખીમજી ભગવાનની સાફ સાફ આપણી નાણાંકીય પ્રગતિ જોઇ શકો. તેઓના હૃદયના ધબકારા અને આ વૈજ્ઞાનિક યંત્રના તાંતણાનું સામિપ્ય નજરે આવી જાય. શાંત સમુદ્રમાં ધીરે ધીરે તેમના ઉત્સાહપૂર્વકના કાર્યોની નાની-મોટી ઉઠતી તરંગો, મોજાનું રૂપ લેતી જણાય. અચાનક ફોન ઊંચકી કહે 'અરે! હમણાં જ વડિલ સાથે વાતો કરી જોતો હતો ખરેખર! તમોએ તો કમાલ કરી. આટલું સરસ પરિણામ મને પણ આશા ન હતી. આવતી મિટીંગમાં જરૂરથી આવજો આપણે આ વસ્તુ-કાર્ય સહુને બતાવશું જે તમારે જ કહેવાનું છે. Everyone will 100% appriciate !' આ હતું જાણે કિનારે વિશાળ મોજું અફળાય, કે જાણે શાબાશી આપતું હોય !



સમાજ ઉત્થાનના આ દરિયાલાલના દર્શન જ સમજો ને! લોહાણા મહાપરિષદના પ્રમુખના ઉચ્ચ સ્થાને તેઓ હમણાં જ બિરાજ્યા છે સાથો સાથ તેઓના શ્રીમતી રશ્મિબેન પણ વિશ્વ લોહાણાના મહિલા પ્રમુખ સ્થાને નિમણૂંક થઇ તે તો જાણે સોનામાં સુગંધ ભળવાનું કાર્ય થયું છે.

પુત્ર લક્ષણ પારણામાં... મુજબ આ દંપત્તીએ સ્થાન ગ્રહણ કર્યા સાથે જ ગુજરાત સૌરાષ્ટ્રની યાત્રા પ્રારંભી. આપણા લોહાણા વર્ગની જીવન જરૂરિયાતો અને બીજા પ્રશ્નો રૂબરૂમાં મળીને સમજ્યા છે.

'ચાલો, સાથે હળીમળીને જીવી લઇએ'ની સદ્‌ભાવના જ તેઓનું ધ્યેય રહ્યું છે.

ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ પદેથી તેઓની

આધ્યાતમિક ભાવના મુજબ મહેમદાવાદના ગુજરાતી સંત સ્વામીશ્રી કેવલાનંદ સરસ્વતીજીના સાનિધ્યમાં ઝુમ મિટીંગથી લગભગ ૨૫૦ થી વધુ લોહાણા ભાઈ બહેનોએ મહામારી કોરોનાના વિપરીત સમયે વિષ્ણુ સહસ્ત્ર લક્ષ્મી પૂજન કર્યાનું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું.

ત્યારબાદ લોહાણા મહાપરિષદના પ્રમુખ પદે બિરાજ્યા ત્યારે તુરંત જ મને કહ્યું ‘જેમ આપણે ઘોઘારી લોહાણા મહાજન દ્વારા સદ્કાર્ય કરી શક્યા તે મુજબ આપણે ભગવાન રામના વંશ જ હોવાથી અયોધ્યા રામ મંદિર આપણું ગૌરવ સ્થાન બનવા જઇ રહ્યું છે ત્યારે જ કોઇ સંતની સાથે ઓનલાઈન વિશ્વભરમાં આનો પ્રચાર-પ્રસાર કરી શકીએ તેવું ગોઠવી આપો.’

તેઓને આપણી જ પ્રતિક્ષા હોય પછી સીધો દોર આપણા હાથમાં આપી દે. ‘‘હવે તમારે જ બધું સંભાળવાનું છે’’ ઈશ્વરકૃપાથી પૂજ્ય બાપુજી શ્રી હરિલાલ ડ્રેસવાલા સાથે વર્ષોથી જોડાયેલ પ્રેમપુરી આશ્રમના ટ્રસ્ટી આચાર્ય સ્વામીશ્રી ગોવિંદદેવગિરીજી મહારાજ જેઓ વર્ષોથી અયોધ્યા રામ મંદિર અભિયાનમાં જોડાયા હતા અને થોડા સમય પહેલા આ મંદિર નિર્માણની સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વીકૃતીએ ઈતિહાસ રચ્યો, તેના પાયાથી જોડાયેલા સ્વામીશ્રીને ‘કોષાધ્યક્ષ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર’તરીકે સરકારે નિમ્યા છે. હિંદુ ધર્મના પ્રચારની મશાલ, વેદ અને શ્રીમદ્ ભગવત્ ગીતા માટે ભારતભરમાં ગુરુકૂળોમાં સેંકડો વિદ્યાર્થીઓ નિઃશુલ્ક શિક્ષણ મેળવી રહ્યા છે. ઉપરાંત આપણા દેરક ધર્મગ્રંથો-પુરાણો-વેદના ગ્રંથોનો ઊંડો અભ્યાસ અને અદ્ભુત વાણી પર પ્રભુત્વ ધરાવે છે.

શ્રી સતીષભાઈએ ખૂબ રાજી થઇ વિશ્વભરના લોહાણાઓને એકઠા કર્યા તે પણ આજની મહામારીના ઝુમ માધ્યમથી જ ! વિષય પણ પ્રેરક હતો ‘અયોધ્યા કે શ્રી રામ’ જે પ્રયોગ ખૂબ જ સફળતાથી પાર ઉતર્યો. સ્વામીશ્રીએ રઘુવંશી અને શ્રી રામના વંશ જ હોવાનું ગૌરવ માટે ઘણી વાતો જૂના ઈતિહાસના દ્રષ્ટાંતો આપી વિસ્તારપૂર્વક સમજાવી.

હા! રશ્મિબેન વિઠલાણીને તેઓની ગુજરાત યાત્રા સમયે લંડનના શ્રી લલિતભાઈ સોઢા જેવો સફળ સંચાલન સ્વામીશ્રી વખતે ઝુમ ઈન્ટરનેશનલ મિટિંગમાં કર્યું હતું તેમના પ્રશ્નના જવાબમાં સુંદર ઉત્તર આપ્યો હતો. ‘મહિલાઓની સમસ્યા ઘણી જ છે., પરંતુ મુખ્યમાં દિકરાઓ કરતા આપણી જ્ઞાતિની દિકરીઓ વધારે શિક્ષીત થાય છે. દિકરાઓ પોતાના વડિલોના નિજી વ્યવસાયમાં જોડાય છે, અથવા વહેલા જોબમાં (વ્યવસાય) સંજોગોને કારણે લાગી જતા હોય છે. ત્યારે તેજસ્વી ગ્રેજ્યુએટ આ દીકરીઓ માટે સુયોગ્ય પાત્ર મેળવવું વડિલો માટે ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે. આ એક જટિલ પ્રશ્ન છે તેને માટે શું કરવું તે જરૂરથી વિચારીશું’.


રશ્મિબેન દ્વારા આ તાત્કાલીક સુંદર જવાબ મળ્યો હતો તેમજ સતિષભાઈ દ્વારા પણ જ્ઞાતિપ્રશ્નોના વ્યવસ્થિત પ્રેરક જવાબ આપ્યા.

ત્યારબાદ નાસિક ખીમજી ભગવાના સુંદર સભાગૃહમાં ભાગવતકાર બેનશ્રી મનસ્વી ભુપતાણી દ્વારા બે કલાકનું પ્રેરક પ્રવચન યોજાયું હતું. જેમાં, મહામારીના કાયદાને ધ્યાનમાં લેઈને સાઈઠ જેટલા લોકોએ શાંતિથી તેઓને સાંભળ્યા હતા. પરિવાર એ જીવનનાં આધાર’ વિષયથી પ્રવચન અને પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. આધ્યાત્મિક ઉન્નતિ તે જ સમાજને સંસ્કારી અને ઉન્નત્તિના પંથે લઇ જઇ શકે, જ્ઞાતિગંગાને પવિત્રતા બક્ષવાના અનેક અભિયાનો યોજાતા રહેશે. સમુદ્રની વિશાળતાને મેઘધનુષ મુગટની દિવ્યતા બક્ષે છે. આપણે સહુ પ્રભુશ્રી રામ, જલારામબાપા, યોગીબાપા પાસે તે જ પ્રાર્થીએ કે માતૃસંસ્થા વિશ્વ લોહાણા મહાપરિષદના વિરાટ કાર્યો મેઘધનુષના શોભતા મુગટની જેમ કરવાની કાર્યસક્ષમ આ દંપત્તીને ઈશ્વર બક્ષે તેવો યશસ્વી નિવડે.

**આ ક્ષણે સતિશભાઈના તેમના ભાવો વર્ણવું છું,**
**મળતા રહેવું એ જીવનની રીત છે.**
**મળીને સંકલ્પ કરવો એ મારા મિત્રોની જીત છે,**
**સંકલ્પ પૂરો કરવા વારંવાર મળવું એ જ મનોરથની સંજીવની છે,**
**આત્મનિર્ભય થી આત્મનિર્ભર સમાજ બને,**
**એ સર્જનહાર પાસે સતિષભાઈનો કરેલ દૃઢ સંકલ્પ છે.**

**- ગિરીશ ડ્રેસવાલા**
**અધ્યક્ષ , આધ્યાત્મિક સમિતિ**

# મહિલા અધ્યક્ષ શ્રીમતિ રશ્મિબેન વીઠલાણી એ વિવિધ ઝોન અને રીજન ની બહેનો સાથે વર્ચ્યુઅલ મિટિંગ કરી ખુબજ સુંદર અને ઉપયોગી વિચારોની આપલે કરી.



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મહિલા અધ્યક્ષ શ્રીમતિ રશ્મિબેન વીઠલાણી એ ભારતના વિવિધ વિભાગો ના ઝોન મહિલા અધ્યક્ષ તેમજ રિજિયોનલ મહિલા અધ્યક્ષ તેમજ મંત્રીઓના હોદ્દાઓની નિમણુક કર્યા બાદ આ સૌ મહિલા હોદ્દેદારો એકબીજાના પરિચયમાં આવે, નજીકતા કેળવે અને એ રીતે સંગઠનની ભાવના કેળવી જ્ઞાતિ માં મહિલા સશકતીકરણ સુદૃઢ થાય તેવા ઉમદા હેતુથી સતત સૌની સાથે વર્ચ્યુલ મિટિંગ કરતા રહ્યા છે.

છેલ્લા એક માસ દરમિયાન સૌ પ્રથમ કોંકણ વિભાગ ની બહેનો સાથે કોંકણના મહિલા અધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન કેસરીયા, મુંબઇ સહ મહારાષ્ટ્રના અધ્યક્ષ શ્રીમતી જયોતિબેન ઠક્કર અને શ્રીમતી સ્વાતિબેન ના આયોજન માં ૪૫ જેટલી મહિલા પદાધિકારીઓ જોડાયા હતા. ત્યાર બાદ ૧૬ એપ્રિલના રોજ મધ્યપ્રદેશ અને છત્તીશગઢ વિભાગ - મધ્ય ભારત વિભાગની બહેનો સાથે ઝોન અધ્યક્ષ શ્રીમતી પ્રગતીબેન મીરાણી, પ્રાદેશીક અધ્યક્ષ દિપ્તીબેન માનીક, મંત્રી મીનલબેન સચદેવ વગેરેની ઉપસ્થિતિમાં ખુબજ સફળતા પૂર્વક વિચારોની આપલે થઇ.

ત્યારબાદ ઉત્તર ગુજરાત ઝોનલ અધ્યક્ષ શ્રીમતી મિતલબેન રાણાના આયોજનથી બનાસકાઠા રિજિયોનલ અધ્યક્ષ દીનાબેન આચાર્ય, પાટણ રિજિયોનલ અધ્યક્ષ સોનલબેન ઠક્કર, ગાંધીનગર, સાબરકાઠા અને અરવલ્લી રિજિયોનલ અધ્યક્ષ જાગૃતિબેન ઠક્કર ના સંકલનથી આ સૌ વિભાગની ઘણી બધી સક્રિય મહિલાઓ સાથે શ્રીમતિ રશ્મિબેન વીઠલાણી એ ઓનલાઇન મિટિંગ દ્વારા પરિચય કેળવ્યો અને મહિલાઓને લગતા અનેક મુદાઓની વિસ્તૃત ચર્ચા કરી.



આ ઉપરાંત ગત તા. ૨૪ એપ્રિલના રોજ શ્રીમતિ રશ્મિબેને કચ્છ વિભાગની બહેનો સાથે ઝુમ મિટિંગ કરી હતી જેનુ સુંદર આયોજન કચ્છ ઝોન અધ્યક્ષ જીજ્ઞાબેન ઠક્કરે કર્યુ હતું. આ મિટિંગ માં સમગ્ર કચ્છના તમામ મહિલા સંગઠનોની ૬૫ જેટલી હોદ્દેદાર બહેનો જોડાઇ હતી. આ મિટિંગ દરમિયાન ઓપન સેશન વખતે તારાબેન પોપટ, હર્ષિદાબેન ઠક્કર, ડેપ્યુટી મામલતદાર અંજલીબેન કોટક, દિપાલીબેન મિરાણી વગેરે એ કઇ રીતે એકબીજાને મદદરુપ થઇ મહિલા ઉત્કર્ષ કરી શકાય તે અંગેના સુંદર વિચારો રજુ કર્યા હતા. આભારવિધી લીનાબેને તેમજ સંચાલન દુલારી ઠક્કરે કર્યુ હતું.



આવીજ સફળતાપૂર્વકની વર્ચ્યુઅલ મિટિંગ શીલાબેન પોપટના આયોજનથી વિદર્ભ અને મહારાષ્ટ્ર વિભાગની બહેનો સાથે યોજાઈ હતી, જેમાં રશ્મિબેને શીલાબેન પોપટની બીજી ટર્મ માટે અધ્યક્ષની પસંદગી દ્વારા જણાવ્યું હતું કે, ગત પાંચ વર્ષ દરમિયાન શીલાબેન દ્વારા અનેક મહિલા સશક્તિકરણના કાર્ય થયા હતા અને હવે એનાથી પણ વધુ સારા કાર્યો આગામી સમયમાં થાય અને આપણે પુરુષો સાથે ખભેખભા મિલાવી મદદરુપ થઇ શકીએ તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

ગત તારીખ ૨૯ એપ્રિલના રોજ શ્રીમતી રશ્મિબેને વિદેશના વિવિધ ઝોનની બહેનો સાથે ઓનલાઈન મિટિંગનું આયોજન કર્યું. GCC ઝોનના અધ્યક્ષ શીલ્પાબેન ઠક્કર, ચંદ્રિકાબેન રૂપારેલ (દુબઇ), રિઝન અધ્યક્ષ ઉર્મિલાબેન (મસ્કત), નિશિતાબેન (અબુધાબી) વગેરે સાથે સ્થાનિક બહેનોની ઉપસ્થિતિમાં મહિલા સમિતિ દ્વારા આગામી સમયમાં વિવિધ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપી હતી.



તા. ૩ - ૫ - ૨૦૨૧ ના રોજ દક્ષિણ ગુજરાત ઝોન પ્રમુખ પ્રજ્ઞાબેન રાજા અને મંત્રી કલ્પનાબેન ઠક્કર, નવસારી ઝોન અધ્યક્ષ ઉષાબેન હીરાણી, ઈલાબેન ઠક્કર, સરત તાપી ઝોન અધ્યક્ષ પીનાબેન ઠક્કર વગેરેની ઉપસ્થિતીમાં શ્રીમતી રશ્મિબેને આત્મનિર્ભર મહિલા પ્રોજેક્ટ અંગે વિસ્તૃત ચર્ચા કરી. અને મહિલા ગૃહ ઉદ્યોગ કરતી બહેનોનુ ગૃપ બનાવી વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપતા વેબીનાર નુ આયોજન કર્યુ હતુ.

તા. ૪ - ૫ - ૨૦૨૧ ના રોજ ભારતના દક્ષિણ ઝોન અધ્યક્ષ જ્યોતીબેન ખેરૈયા ના સંકલનથી દક્ષિણ વિભાગના તમામ રીઝનની બહેનો સાથે ઓનલાઇન મિટિંગ દ્વારા શ્રીમતી રશ્મિબેને મહિલા ગૃહઉદ્યોગ ની સાથે સાથે દિકરીઓના ઉચ્ચ શિક્ષણ, રમત-ગમત, થેલેસેમિયા જાગૃતિ વગેરે મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી. જેમા શ્રીમતી જાસ્મીનબેન મોદી (તમિલનાડુ), રશ્મિબેન ફલહણ (કેરલ) , વંદનાબેન ભાગીની (તેલંગણા), જયશ્રીબેન ઠક્કર (કર્ણાટક), પલ્લવીબેન કોટેચો (કોઈમ્બતુર) વગેરે એ પોતાના વિચોરો રજૂ કર્યા હતા.



ઉપરોક્ત તમામ મિટિંગમાં શ્રીમતી રશ્મિબેને પોતાના ઉદબોધનમાં લોહાણા જ્ઞાતિની બહેનો પોતાના પરિવારને કઇ રીતે સંપ, સહકાર અને ત્યાગની ભાવનાથી એકતાંતણે બાંધી સ્નેહભર્યા વાતાવરણમાં હર્યોભર્યો રાખી શકે તેમજ કોવિડની આ ભયાનક સ્થિતિમાં ઘર સંભાળની સાથે સાથે વિવિધ ગૃહ ઉદ્યોગો અને પોતાના હુનરથી પરિવારને આર્થિક મદદ કરી શકે તે અંગે પણ વિસ્તૃત માહિતી આપી. જ્ઞાતિના આર્થિક તકલીફ ભોગવી રહેલા પરિવારોને તેઓના મહિલા સભ્યોને વિવિધ કૌશલ્ય દ્વારા આર્થિક પગભર કરવાની પણ તેઓએ ઈચ્છા વ્યક્ત કરી હતી અને આ અંગે સૌના સૂચનો પણ માંગ્યા હતા. આગામી સમયમાં આ અંગે ચર્ચા વિચાર અને વિમર્શ કરી વિવિધ પ્રકાર ની મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ શરૂ કરવાનો તેમણે દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# હૃદયાંજલી



## રઘુવંશી સમાજના મુઠી ઉંચેરા માનવી
# આદરણીય શ્રી નવીનચંદ્ર રવાણી સાહેબ

પ્રાદેશિક તથા રાષ્ટ્રીય કક્ષાના એકાધિક કાર્યોની હારમાળા સર્જનાર, જીવનના બહુવિધ ક્ષેત્રોમાં યશસ્વી પ્રદાન કરનાર તેમજ સામાજિક, શૈક્ષણિક, રાજકીય, કાયદાકીય અને લોહાણા જ્ઞાતિ ઉત્કર્ષના ક્ષેત્રોએ સતત જાગૃત રહી સંખ્યાબંધ પ્રવૃત્તિઓને પ્રેરણા પૂરી પાડનાર આપણા સૌના પિતાતુલ્ય આદરણીય શ્રી નવીનચંદ્ર રવાણી સાહેબ તાઃ. ૨૯ - ૦૪ - ૨૧ ના રોજ સાવ અચાનક સ્વર્ગ તરફ પ્રયાણ કરી આપણને આઘાત આપી ગયા. તેઓના દુઃખદ અવસાનથી રઘુવંશી સમાજે એક મૂલ્યનિષ્ઠ વિરલ વ્યક્તિત્વ અને ઉમરાવ સેવક ગુમાવ્યા છે, જેની આપણા સૌ માટે ન પૂરાય તેવી ખોટ રહેશે.

૯૨ વર્ષની જૈફ વયે પણ તેઓ સમાજ અને લોહાણા જ્ઞાતિની ચિંતા કરતા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તેઓ મોભી અને માર્ગદર્શક છેક સુધી રહ્યા. શિસ્ત, સંયમ, સાદગી અને નિખાલસતા એમના વ્યક્તિત્વનું ચુંબકીય તત્વ હતું. લોહાણા સમાજ કે મહાપરિષદના વિકાસને લઈને કે કોઈ સમસ્યાની મુંઝવણ લઈને એમની પાસે એક કુનેહપૂર્વકનો ઉકેલ હંમેશા પ્રાપ્ત થતો. જાહેર જીવનના આવા અનેક ક્ષેત્રોમાં વિવિધ પ્રકારની સક્રિય ભૂમિકા ભજવીને તેઓએ ''વ્યવહારુ સ્વપ્નદ્રષ્ટા''નું ઉત્તમ દ્રષ્ટાંત પુરુ પાડ્યું છે.

પુરુષાર્થવીર અને ઉત્તમત્તાના ઉપાસક મુરબ્બી શ્રી નવીનચંદ્ર રવાણી સાહેબ હવે આપણી વચ્ચે નથી પરંતુ ''નવીનચંદ્રત્વ''નું સારગર્ભ તત્વ (The essential of Navinchandra) આપણી સાથે કાયમ રહેશે.

એ તો હવે રઘુવંશી સમાજના આકાશમાં ધ્રુવતારક બની ગયા છે. અવિચળ અડગ, શુક્રતારાની જેમ ઝળહળતું નામ મૂકીને. બાકી તો - ભગવત ગીતામાં કહ્યું છે તેમ - **"The soul is not born, nor does it die, nor having been ceases at any time to be unborn, unchanging, ever - abiding, promeval. It is not killed when the body is killed.**

પરમપિતા પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ,

શ્રી લોહાણા મહાપરિષદની અશ્રુભીની હૃદયાજંલિ

# હૃદયાંજલી



## મુ. શ્રી માધવલાલ પ્રભુરામભાઈ ઠક્કર (અનારકટ)
## ભાભર

ખૂબ જ મૃદુ સ્વભાવ, મીતભાષી, સેવા પરાયણ, પરોપકારી અને નખશીખ ધાર્મિક મુ. શ્રી  માધવલાલ પ્રભુરામભાઈ ઠક્કર ના દુઃખદ અવસાનથી રઘુવંશી સમાજે એક પીઢ માર્ગદર્શક અને આધ્યાત્મિક ચેતનાના સંવાહક ગુમાવ્યા છે, જેની ખોટ ભાભર તથા ઉત્તર ગુજરાત અને અમદાવાદ  લોહાણા સમાજને હંમેશા વર્તાશે.

માતૃસંસ્થા મહાપરિષદના ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ ના પૂજ્ય પિતાશ્રી માધવલાલે આધ્યાત્મિક જ્યોત એવી તો પ્રજવલ્લીત કરી હતી કે તેઓની રાહબરી માં ભાભર મુકામે દર મંગળવાર અને શનિવારે રામજી મંદિર, હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ, હનુમાન ચાલીસા અને રામધુન અવિરત થતી રહેતી. ભક્તિની આ જ્યોત તેઓએ આંકવી આશ્રમ,   મનોકામના સ્થિત હનુમાનજી આશ્રમ, મોઢેરા, આમરણ, ભાગીરથી આશ્રમ ૠષિકેશ તથા હરિદ્વાર આશ્રમ જેવા અનેક સ્થળોએ પણ પ્રગટાવી અનેક લોકોને ધર્મના માર્ગે વાળવા સિંહફાળો આપ્યો. અન્નપુર્ણ ધામ ભાભરની શરૂઆતથી જ ભૂખ્યાને ભોજન આપવામાં સતત સહયોગ આપતા મું.શ્રી માધુબાપાએ અન્નક્ષેત્રમાં પણ રામરોટી સેવા આપતા રહેલા. જીવ દયા પ્રેમી અને ગૌભક્ત પૂ. માધુબાપા વિવિધ ગૌશાળામાં ઘાસની સેવા તેમજ પક્ષીઓને નિયમિત રીતે અનાજની ચણ આપતા. ભજન કરાવવું તથા ભોજન આપવું અને જરૂરિયાતમંદ દરેકને શિક્ષણ સહાય તથા આરોગ્ય સહાય આપવાની નેમ તેઓ જીવન પર્યન્ત ધરાવતા રહેતા હતા. સેવા, સ્મરણ તથા સમર્પણનો ત્રિવેણી સંગમ એટલે જ પૂજ્યશ્રી માધુબાપા.

આમ, પરમાર્થ, હરિ ભજન, ભૂખ્યાને ભોજન અને જીવમાત્ર પરત્વે દયાભાવ દાખવનાર પૂજ્ય માધુબાપા સાચા અર્થમાં સંસારી સંત હતા. તેઓ એ શરૂ કરેલી આ ધર્મ ભક્તિ ની જ્યોત ને આપણે સૌ અવિરત પ્રજવલીત રાખીએ એ જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

માતૃસંસ્થા મહાપરિષદ સદગતના આત્માની પરમ શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરી હૃદયાંજલી અર્પે છે.

# હૃદયાંજલી



## શ્રી યોગેશભાઇ પુજારા, રાજકોટ

સમગ્ર રાજકોટ, સૌરષ્ટ્ર માં દાદા (મોટાભાઇ) ના હુલામણા નામથી જાણીતા બનેલા અને લોહાણા જ્ઞાતિના ઉત્કર્ષ માટે અસંખ્ય પ્રવૃતિઓને પીઠબળ પુરુ પાડી લોકહિતના કાર્યોમાં તન, મન અને ધનથી હંમેશા તત્પર રહેતા રઘુવંશી સમાજ તેમજ સૌરાષ્ટ્રની રઘુવીર સેનાના હોનહાર લોકસેવક શ્રી યોગેશભાઈ પૂજારા કોરોના સામેની જંગમાં પીછેહટ કરી સ્વર્ગ તરફ પ્રયાણ કરી સૌને છેતરી ગયા. શ્રી યોગેશભાઈના અવસાનથી સમગ્ર રઘુવંશી સમાજે એક ઉમદા વ્યક્તિ અને મુક સેવક ને ગુમાવ્યા છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદમાં તેઓ સહમંત્રી તરીકે ઉમદા સેવા આપતા રહેલા. શ્રી યોગેશભાઈ ના અચાનક અવસાન થી મહાપરિષદ ઉંડા દુ:ખ ની લાગણી અનુભવે છે અને તેઓના પરિવાર ને હૃદયથી સાંત્વના પાઠવી સહાનુભુતિ વ્યક્ત કરે છે.

તેઓનું ઉમદા હૃદયના પ્રસંગોનો ઉલ્લેખ કરીએ તો શ્રી યોગેશભાઈ પોતાના જન્મદિવસ, લગ્નતિથિ કે અન્ય કોઇ શુભપ્રસંગોની ઉજવણી દરમ્યાન સમાજના છેવાડાના વર્ગને સામેલ કરવાના ઉનુકરણીય ચીલાને સમર્થન આપતા તેઓની સેવામય ઉજવણી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ, થેલેસેમિયા પિડિત બાળકોના લાભાર્થે રક્તદાન શિબિરના આયોજનોથી થતી તો ક્યારેક આનંદના અવસરોમાં બાલાશ્રમના બાળકો, બહેરા-મૂંગા બાળકો, મંદ બુદ્ધિના બાળકો, વૃદ્ધાશ્રમના વડીલો અને થેલેસિમિયા પિડિત બાળકો તથા તેમના વાલીઓ, કીડનીના દર્દીઓ, અંધ-અપંગ બાળકો તેમજ વ્યક્તિઓ, પછાત વિસ્તારના બાળકો વગેરેને ‘મુખ્ય મહેમાન’ તરીકે આમંત્રણ આપીને ‘આનંદોત્સવ’ માં સહભાગી રાખીને થતી હતી. તેઓ જીવદયામાં પણ તેટલું જ માનતા અને સાચા અર્થમાં ગૌ-સેવક હતા, અનેક ગૌશાળાઓ સાથે જોડાયેલા હતા અને શુભપ્રસંગોમાં અનુદાન આપી પ્રસંગને સાર્થક બનાવતા.

તેઓ રઘુવંશી હોવાનું ગૌરવ અનુભવતા. તેઓ વારંવાર કહેતા કે આપણે ‘દાદા જશરાજ’ના લોહરાણા છીએ. રઘુવંશના છીએ તો શૂરવીર અને ગૌરવપ્રદ જીવન જીવવું જોઈએ. દાદા જશરાજ પ્રત્યેના અતુટ ભક્તિભાવને લીધે જ તેઓ દાદા જશરાજના નિર્વાણ દિવસપર સમગ્ર રાજકોટના રઘુવંશી સમાજ માટે થતા પ્રસાદના આયોજનમાં અગ્રેસર રહેતા હતા. પોતાનું અમૂલ્ય યોગદાન આપતા હતા. તેઓ હેતુ સમાજને અકસૂત્ર કરવાનો સતત રહેતા. તેઓની આગવી વિચારશુદ્ધથી તેઓ સમગ્ર સમાજ માટે પરિચય મેળાના આયોજનો કરતા, તે માટે સતત પ્રેરિત કરતા અને તે માટે તેઓએ પોતાની મૂલ્યવાન મિલકત પણ નિ:શુલ્ક વાપરવા માટે આપી દીધી હતી. તેઓ રઘુવંશી સમાજને ખૂબ પ્રેમ કરતા અને સમાજ આગળ આવે તે માટે સતત પ્રયત્ન કરતા. તેઓની એક ઈચ્છા કાયમ રહેતી કે ‘રઘુવંશી સમાજનો દરેક વ્યક્તિ સમાજના બીજા વ્યક્તિને ઉપયોગી થવાનો પ્રયત્ન કરે’.

સદ્‌ગત શ્રી યોગેશભાઈની સેવાની સરવાણી અને સંસ્કારોની સુંગધ દ્વારા તેઓ સૌ રઘુવંશીઓના હૃદયમા હંમેશા રહેશે. સદગતના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે તેમજ પરિવારજનો ને આ કારમો ગમ સહન કરવાની શક્તિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ માતૃસંસ્થા મહાપરિષદ હૃદયાંજલી અર્પે છે.



## શ્રી પ્રકાશભાઈ શંકરલાલ કારીયા, અમદાવાદ

રઘુવંશી પારકર સમાજનો કોહીનુર, સમાજનો ઝગમગતો સિતારો, એક કર્મઠ આગેવાન, દયા-કરુણાનો સાગર સૌનો સંગાથી અનેકનો રાહબર, જીવદયા પ્રેમી, ગૌભક્ત, ધર્મપ્રેમી, ખૂબ જ પ્રેમાળ, સ્નેહાળ અને સૌને કાયમ હસાવનાર, સૌનો લાડકો એવો માણસાઈનો માણસ શ્રી પ્રકાશભાઈ શંકરલાલ કારીયાના દુઃખદ અવસાનથી રઘુવંશી સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે.

સમાજનું કોઈ પણ સેવાનું કાર્ય હોય, પ્રકાશભાઈ હંમેશા અગ્રેસર રહેતા. આબુ રોડ જલારામ મંદિરનું કાર્ય, અમદાવાદ ખાતે સમાજનો ભવ્ય પાર્ટી પ્લોટનો પાયાના કાર્યકર, જલારામ જયંતીની ઉજવણી, નવરાત્રિ ઉજળણી, ઋષિકેશ યાત્રાનું નિયમિત આયોજનમાં હંમેશા અગ્રેસર. ધાર્મિક, સામાજિક, વ્યાવહારિક, દરેક ક્ષેત્રમાં ઉમદા સેવા આપનાર શ્રી પ્રકાશભાઈના દુઃખદ અવસાનથી માતૃ સંસ્થા મહાપરિષદ તેઓના પરિવારને સાંત્વના પાઠવી સહાનુભૂતિ પ્રદાન કરે છે અને પરમ ગુરુ પરમાત્માને શ્રી પ્રકાશભાઈના આત્માન પરમ શાંતિ માટે પ્રાર્થના કરી હૃદયાંજલી પાઠવે છે.

---



## મુરબ્બી શ્રી શશીકાંતભાઇ મોહનલાલ ઠક્કર, માધાપર, કચ્છ

માધાપર, કચ્છ રઘુવંશી સમાજના જ્ઞાતિશ્રેષ્ઠી અને ભૂજ લોહાણા સમાજના માર્ગદર્શક, પ્રેરણામુર્તિ મુ.શ્રી શશીકાંતભાઈ મોહનલાલ ઠક્કર ના દુખદ અવસાનથી સમસ્ત કચ્છ અને સમગ્ર રઘુવંશી સમાજે જ્ઞાતિ ઉત્કર્ષમાં સક્રિય રહેતા એક સાચા પથદર્શક ગુમાવ્યા છે. મુ. શ્રી શશીકાંતભાઈ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ, અખિલ ગુજરાત લોહાણા સમાજ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અખિલ કચ્છ લોહાણા સમાજ (સ્થાપક ટ્રસ્ટી) જેવી અનેક જ્ઞાતિ વિકાસ સંસ્થાઓમાં છેલ્લા શ્વાસ સુધી તન, મન અને ધનથી સક્રિય રહી ઉત્તમ પ્રેરણા પૂરી પાડી. રઘુવંશી સમાજને આવા મૂકસેવક ની હંમેશા ખોટ રહેશે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ જ્ઞાતિના આ વિરલ વ્યક્તિ અને કર્મઠ સેવક શ્રી શશીકાંતભાઈ ના આત્માની પરમ શાંતિ માટે પ્રભુને પ્રાર્થના સહ હૃદયાંજલી અર્પે છે.

## હૃદયાંજલી



### શ્રી જયસુખભાઈ ભગવાનભાઈ પોપટ, અમરેલી

સમસ્ત સૌરાષ્ટ્ર લોહાણા સમાજના આદર પાત્ર લોકસેવક અને મોભી તેમજ લોહાણા સમાજ અમરેલીના પાયાના કાર્યકર, સમાજના ઉત્કર્ષમાં આજીવન શ્રેષ્ઠ પ્રદાન કરી અમરેલી અને આજુબાજુના વિસ્તારના રઘુવંશીઓના વિકાસ માટે તન, મન અને ધનથી આજીવન સેવા કરતા રહેતા જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી જયસુખભાઈ ભગવાનભાઈ પોપટ, અમરેલી દુઃખદ અવસાનથી રઘુવંશી સમાજે એક મુક સેવક અને માર્ગદર્શક ગુમાવ્યા છે. પ્રભુ તેઓના આત્માને ચિક શંતિ આપે અને તેઓના પરિવારને આ દુઃખ સહન કરવા શક્તિ અર્પે તેવી પ્રાર્થના સહ માતૃ સંસ્થા મહાપરિષદ હૃદયાજંલી આપે છે.

## શાબાશ રઘુવંશી

### ડો. ડિમ્પલનું ઉમદા સેવા કાર્ય



વેરાવળના શ્રી અજયભાઈ હિંમતલાલ તન્નાની પુત્રી ડો. ડિમ્પલે એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવીને તરત જ ગુજરાતના સ્થાપના દિન ૧ લી મેથી પ્રથમ પોસ્ટીંગ (સેવા) કોવિડ-૧૯ હોસ્પિટલ વેરાવળ ખાતે જોઈન્ટ કરી "દર્દી દેવો ભવ"ની પંક્તિને સાર્થક કરી પરિવાર અને લોહાણા સમાજને ગૌરવ અપાવ્યું છે. માતૃ સંસ્થા મહાપરિષદ ડો. ડિમ્પલને આ માનવતા પૂર્ણ કાર્ય બદલ બિરદાવી ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવે છે.

### માનવ સમાજને પ્રેરણા આપતું વ્યક્તિત્વ શ્રી પરષોત્તમભાઈ સુંદરજી સવજાણી, ભાણવડ

૬૬ વર્ષની જૈફ વયના શ્રી પરષોત્તમભાઈ ભાણવડના સ્મશાન ગૃહમાં છેલ્લા ૨૬ વર્ષથી મૃતકોના દેહને અગ્નિદાહ આપવાની નિસ્વાર્થ સેવા કરી રહ્યા છે. આજે કોરોનાથી થયેલ અવસાનના દેહને પોતાના પરિવારજનો પણ સ્પર્શ નથી કરતા ત્યારે શ્રી પરષોત્તમભાઈ અડધી રાતે પણ ખડે પગે રહી છેલ્લા કેટલાક દિવસોથી રોજની સાત-સાત લાશોને અગ્નિદાહ આપી સમસ્ત માનવ સમાજને ઉત્તમ પ્રેરણા આપી રહ્યા છે. માતૃસંસ્થા મહાપરિષદ પરષોત્તમભાઈને આવા ઉમદા અને અઘરા કાર્યને નત મસ્તક નમન કરી તેઓના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવે છે.

# શ્રી લોહાણા મહાપરિષદ પ્રમુખ શ્રી સતિષભાઇ વિઠ્ઠલાણીના નેતૃત્વમા વરિષ્ઠ હોદ્દેદારો અને સમિતિઓ સાથે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય મિટિંગ યોજાઇ







સમગ્ર દેશમા કોરોના ની ચિંતાજનક સ્થિતીહોય, આ સ્થિતીને પહોચી વળવા રઘુવંશી સમાજના છેક છેવાડાના વ્યકિત ને તમામ પ્રકારે મદદરૂપ થવા માતૃસંસ્થા મહાપરીષદ પ્રમુખ શ્રી સતિષભાઇના નેતૃત્વમા તમામ વરિષ્ઠ હોદ્દેદારો, ઝોનલ પ્રમુખશ્રીઓ, રિજિયોનલ પ્રમુખશ્રીઓ અને સ્થાયિ સમિતિના સૌ અધ્યક્ષશ્રીઓ તેમજ હોદ્દેદારો ની બેક ટુ બેક મિટિંગનો દોર ટેક્નોલોજીના માધ્યમથી ઝુમ એપ પર સતત ચાલુ રહ્યો. ઉંડાણપૂર્વકની ચર્ચાઓ અને સમયની માંગને ધ્યાનમા લઇ મહાપરિષદ ટીમ દ્વારા રિજનલ લેવલે દરેક પ્રદેશમા દશ થી પંદર જણની કોવિડ સેના ઝોન અને રિજિયોનલ અધ્યક્ષશ્રીના નેતૃત્વમાં બનાવી તમામ શકય મદદ કરવાનુ યુદ્ધના ધોરણે નક્કી કરવામાં આવ્યું. સૌથી અગત્યનું આ કોવીડ સેનામાં દરેક રિઝન કક્ષાએ સ્થાનીક ત્રણ થી ચાર ડોકટર્સની ટીમ પણ નીસ્વાર્થ સેવામાં જોડાઇ. પછી તો તાબડતોબ આઇટી. ટીમ દ્વારા ડોકટર્સ પોર્ટલ અને સ્વયં સેવકોનુ પોર્ટલ તૈયાર કરી સૌને અપીલ કરતા તા. ૮ મે સુધીમા ૭૦ જેટલા જ્ઞાતીના સેવાભાવી ડોકટર્સ આમા જોડાઇ ગયા અને સમગ્ર ભારતમાથી જ્ઞાતીના ૧૦૨ કોરોના દર્દીઓ આ ડોકટર્સનુ માર્ગદર્શન હોમ કોરોન્ટાઇન થઇને લેવાનુ શરૂ પણ કરી દીધુ. માતૃસંસ્થા મહાપરિષદ આ તમામ ડોકટર્સ અને કોવીડ સેનાના સૌ સ્વયં સેવકોની આ પરોપકાર વૃત્તિ અને ઉમદા સેવાને હૃદયપૂર્વક આવકારી કોટીકોટી ધન્યવાદ સાથે અનેકાનેક સલામ પાઠવે છે.

હાલમાં આ પોર્ટલ દ્વારા ઓનલાઇન અને ટેલીફોન દ્વારા માર્ગદર્શન આપી રહેલા નીચેના સૌ ડોકટર્સનો મહાપરીષદ હાર્દીક ઋણ સ્વિકાર કરી આભારની લાગણી વ્યકત કરે છે.

| | | | |
|---|---|---|---|
| ડો. પ્રવિણભાઇ દૈયા | ડો. સુરેશ પોપટ | ડો. વર્ષા ક્રીષ્ણ ઠક્કર | ડો. નયના મનોજ વસાણી |
| ડો. પારસ મજીઠીયા | ડો. એલા રાયઠઠ્ઠા | ડો. દીપ બી. ઠક્કર | ડો. નંદકિશોર ટી. લોહાણા |
| ડો. હિતેશ રાયઠઠ્ઠા | ડો. રજનીકાન્ત કાથરાણી | ડો. વસંત ગણાત્રા | ડો. એસ.જે.ખાખરિયા |
| ડો. પ્રશાંત તન્ના | ડો. યોગેશ ઠક્કર | ડો. હિતેશ એન. ઠક્કર | ડો. શાંતિલાલ પોપટ |
| ડો. ઈલા માનસેતા | ડો. ક્રિષ્ણા સીઈ ઠક્કર | ડો. ભવદીપ ગણાત્રા | ડો. દિલીપ રાયચુરા |
| ડો. રાજેશ જોબનપુત્રા | ડો. મહેશ એ. અખાણી | ડો. સુધીર આર કોટક | ડો. નિર્મલ રૂપારેલ |
| ડો. નિતીન રાયઠઠ્ઠા | ડો. શ્યામસુંદર રાયઠઠ્ઠા | ડો. હરીશ વીઠ્ઠલાણી | ડો. સુદીપ યુ. બુધ્ધદેવ |
| ડો. ધીરેન્દ્ર એ. આડતીયા | ડો. ઉમેશ લોહાણા | ડો. પુનમ રાયકુંડલીયા | ડો. પીયુષ ગાંધી |
| ડો. એન કે. માનસેતા | ડો. સોનલ હિરેન પંચમતિયા | | |

# ગત તા. ૧ મે, ૨૦૨૧ના રોજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ બિઝનેશ ફોરમ ની પ્રથમ મિટિંગ યોજાઇ

માતૃસંસ્થા મહાપરિષદ દ્વારા સ્થપાયેલ બિઝનેશ ફોરમની પ્રથમ સભા ગત ૧/૫/૨૦૨૧ ના રોજ ઝુમ એપ દ્વારા સફળતાપૂર્વક સંપન થઈ હતી. આ મિટિંગનો હેતુ ફોરમના સૌ સભ્યો એકબીજાનો પરિચય કેળવે અને રઘુવંશી સમાજના વિકાસ માટે આ ફોરમ દ્વારા આવનારા સમયના વિવિધ પ્રકલ્પો અને પ્રવૃતીઓ ની ઉંડાણ પૂર્વક ચર્ચા કરી રોડમેપ તૈયાર કરવાનો હતો. મિટિંગમા નીચેના જ્ઞાતિશ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહી ખૂબ જ ઉપયોગી ચર્ચાઓ કરી.

| | |
|---|---|
| ૧. પ્રમુખ શ્રી સતિષભાઈ વીઠ્ઠલાણી | ૨.શ્રી જીતુભાઈ ઠક્કર (નાસીક) |
| ૩. શ્રી ધર્મેશભાઈ હરીયાણી (અમદાવાદ) | ૪.શ્રી વિજય કારીયા (મુંબઈ) |
| ૫. શ્રી અશોકભાઈ ઠક્કર(ચેન્નાઈ) | ૬.શ્રી કૌશિકભાઈ મજીઠીયા (અમદાવાદ) |
| ૭. શ્રી બિમલ કંટારીયા (નૈરોબી, કેન્યા) | ૮.શ્રી જીજ્ઞેશ માધવાણી (સુરત,ગુજરાત) |
| ૯. શ્રી પ્રદીપભાઈ કે. ધામેચા (યુ. કે.) | ૧૦.શ્રી સમીરભાઈ સોમૈયા (મુંબઈ) |

સભા દરમિયાન નીચેના મુદ્દાઓની વીગતે ચર્ચા થઈ

૧. સભાની શરૂઆતમાં દરેક જ્ઞાતિ શ્રેષ્ઠિએ પોતાનો વીગતવાર પરીચય આપી પોતાના વ્યવસાય, ઉદ્યોગ કે સંસ્થાની વિગતો જણાવી રઘુવંશી સમાજને કઈ રીતે ઉપયોગી થઈ જ્ઞાતી વિકાસમાં વિવિધ પ્રકલ્પો હાથ ધરી શકાય તેની ચર્ચાઓ કરી.

૨. આ ફોરમમાં ઉપસ્થિત દરેક વ્યક્તિનો પોતાનો આગવો દ્રષ્ટિકોણ અને અભિપ્રાય હતો જે દરેકે પોતાની રીતે લંબાણપૂર્વક રજુ કર્યો હતો જેના નિષ્કર્ષ રૂપે નીચેના પ્રકલ્પોને પ્રાધાન્ય આપવાનુ નક્કી કરવામાં આવ્યું.

I. આપણી જ્ઞાતીના વધુ ને વધુ ઉદ્યોગ સાહસિક જ્ઞાતિ શ્રેષ્ઠિઓને આ બિઝનેશ ફોરમમાં આમંત્રણ આપી સામેલ કરવા.

II. આ ફોરમ દ્વારા જ્ઞાતિમાં સ્ટાર્ટઅપ્સ ને પ્રોત્સાહન આપવું.

III. જ્ઞાતીના યુવક-યુવતીઓ માટે વધુને વધુ રોજગારી ઉભી કરવી.

IV. જ્ઞાતીમાં અંદરો અંદર જ બિઝનેશ નેટવર્કિંગ ને વધારવું અને એ દ્વારા તેને ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચાડવા પ્રયત્નો કરવા.

૩. શ્રી વીજયભાઈ કારીયાએ ઉપરોક્ત સૌ મુદ્દાઓને સુવ્યવસ્થિત રીતે અમલમાં મુકવા માટેની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવાની સ્વૈચ્છીક જવાબદારી લીધી અને શ્રી સમીરભાઈ સોમૈયાએ આ બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવામાં તમામ શક્ય સહયોગ અને મદદ આપવાની તૈયારી દર્શાવી હતી. સભાના અંતે આગામી મિટિંગ તા. ૧૫ મે, ૨૦૨૧ ના રાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.





# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની તા. ૨ મે, ૨૦૨૧ ના રોજ આંતરરાષ્ટ્રિય હોદ્દેદારોની ઓનલાઇન મિટિંગ સફળતા પૂર્વક સંપન





શ્રી લોહાણા મહાપરિષદ પ્રમુખ શ્રી સતિષભાઈ વીઠલાણીના નેતૃત્વમાં અને વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર તથા શ્રી ધર્મેશભાઈ હરીયાણી, યુવા પ્રમુખ શ્રી ચીંતન વસાણીની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રિય હોદેદારો સર્વશ્રી ડો.વીપીનભાઈ મીથીયા, કેનેડા ઝોનલ પ્રેસિડેન્ટ, યુએસએ ઝોન પ્રેસિડેન્ટ શ્રી સુરુભાઈ માણેક, યુકે ઝોન પ્રેસિડેન્ટ શ્રી સુનીલભાઈ મજીઠીયા, જીસીસી ઝોન પ્રેસિડેન્ટ શ્રી હરીશભાઈ પવાણી, કેન્યા ઝોન પ્રેસિડેન્ટ શ્રી બીમલભાઈ કંટારીયા, ટોરન્ટો રિજીયોનલ પ્રેસિડેન્ટ શ્રી અનુજભાઈ દ્રોણ,એલ.એ. રિજીયોનલ પ્રેસિડેન્ટ શ્રી સંજયભાઈ ખેતાણી, યુકે ઝોનલ સેક્રેટરી શ્રી ભરતભાઈ સોઢા,યુએઈ રિજીયોનલ પ્રેસીડન્ટ શ્રી ભરતભાઈ રૂપારેલ, ઓમાન ના રિજીયોનલ પ્રેસીડેન્ટ શ્રી જીતુભાઈ તન્ના, રિપબ્લીક ઓફ કોન્ગોના રિજીયોનલ પ્રેસીડેન્ટ શ્રી કેતનભાઈ કોટેચા વગેરે સાથે ખુબજ સફળતાપૂર્વક મિટિંગનુ આયોજન ટેકનોલોજીના માધ્યમથી ઝુમ એપ પર થઇ જેમા નીચેના મુદ્દાઓની ઉંડાણ પૂર્વક ચર્ચાઓ થઈ હતી.

- સૌ પ્રથમ સૌ હોદ્દેદારોએ પોતાનો વિગતવાર પરિચય આપી પોતાની વિશિષ્ટતાઓ દ્વારા સમાજને ઉપયોગી થવા માટે કટીબદ્ધતા દર્શાવી.
- સમાજના છેક છેવાડાના વ્યક્તિ સુધી પહોચવા માટે માતૃસંસ્થા મહાપરિષદના સત્તાના વિકેન્દ્રિકરણ દ્વારા દરેક પ્રદેશમાં ઝોનલથી લઈ રિજીયોનલ પ્રમુખની વરણીને સૌએ આવકારી સર્વસંમતી દર્શાવી. આ માળખાથી જ્ઞાતિના નાનામાં નાના વ્યક્તિને મહાપરિષદના તમામ પ્રકલ્પો અને પ્રવૃતિઓનો લાભ મળશે. આ ઉપરાંત એ ચર્ચા પણ થઈ કે દરેક ઝોન અને રિજનની પોતપોતાની જરૂરીયાતો, અગ્રીમતાઓ મહાપરીષદ પાસેની અપેક્ષાઓ જુદી જુદી હોય છે અને આ બધાજ પાસાઓને પણ પ્રાધાન્ય આપવું જોઇએ.
- ચર્ચા દરમિયાન શ્રી કેતનભાઈ કોટેચાએ જણાવ્યુ કે કોન્ગો, રવાન્ડા, બુરૂન્ડીને એક રિજનમાં સમાવિષ્ઠ કર્યા છે અને તેના પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારવાનું તેમને ગમશે.જયારે બીમલભાઈ, સુધીરભાઈ અને નવીનભાઈ કાનાબારને આફ્રિકા વિસ્તારના રિજન બનાવવાનો નિર્ણય કરી મહાપરીષદને જણાવવાની જવાબદારી સોપાઇ.
- દરેક ઝોનના પ્રમુખશ્રીઓને વીનંતી કરવામાંઆવી કે પોતાના સેક્રેટરીની નિમણુક કરે તેમજ પોતાના વિસ્તારના રિજન પ્રમુખ તથા રિજન સેક્રેટરીની નિમણુકો પણ કરે કે જેથી આંતરરાષ્ટ્રિય કક્ષાએ દરેક છેવાડાના રઘુવંશી સુધી માતૃસંસ્થા પહોંચી શકે.
- ત્યાર બાદ મહાપરિષદની વિવિધ સમિતિઓ વિશે અને તેની પ્રવૃતિઓ અને પ્રકલ્પોની જાણકારી સૌને અપાઈ.
- મહિલા વિંગના પ્રમુખ શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણી અને યુવા પ્રમુખશ્રી ચિંતન વસાણી સાથે દરેક ઝોન અને રિજનના પ્રમુખશ્રીઓ પોતપોતાના વિસ્તારના ઉત્સાહી જ્ઞાતિજનોને જોડાવા નામ મોકલી આપશે.
- વિવિધ સમિતિઓની રચના અંગે વિસ્તૃત ચર્ચા બાદ સૌએ જલદીથી ફરી મળવાનો નિર્ધાર કર્યો હતો.

## માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા
## શિક્ષણ અને આરોગ્ય માટે જ્ઞાતિજનોને ફાળવાયેલ ધનરાશી

કોઈપણ સમાજ કે જ્ઞાતિના ઉત્કર્ષ અને વિકાસના બે આધાર સ્તંભ છે. એક શિક્ષણ અને બીજું આરોગ્ય. જો આપણે પ્રગતિ સાધવી હશે તો સમાજને વધુને વધુ શિક્ષિત બનાવવો પડે અને સૌના આરોગ્યની સુખાકારીને પ્રાધાન્ય આપવું પડે. માતૃસંસ્થા મહાપરિષદ તેથી જ શિક્ષણ અને આરોગ્યના આ બન્ને પ્રકલ્પોને અગ્રીમતા આપી તે દિશામાં મક્કમતાથી આગળ વધવા કટીબદ્ધ છે. જ્ઞાતિનો દરેક દિકરો કે દિકરી આર્થિક સંકણામણને લીધે શિક્ષણથી વંચિત ન રહે તેમજ જ્ઞાતિના જરૂરિયાતમંદ દર્દીનારાયણને યોગ્ય સારવાર પ્રાપ્ત કરવા મહાપરિષદ શક્ય તેટલી આર્થિક મદદ કરી શકે તે માટે સતત સક્રિય હોય છે. મહિનામાં બે વખત ઓનલાઈન ઝુમ પર ઈન્ટરવ્યુ મુલાકાત ગોઠવી પ્રમુખ શ્રી સતિષભાઈના નેતૃત્વમાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી દેવેન્દ્ર સોમૈયા અંગત રસ લઈને લાભાર્થીઓને શક્ય તેટલી મદદરુપ થવાનો પ્રયત્ન કરે છે. તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૦થી ૩૦ એપ્રિલ, ૨૦૨૧ સુધી શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શિક્ષણ અને આરોગ્ય માટે જ્ઞાતિજનોને અપાયેલ ધનરાશિની વિગત નીચે મુજબ છે.

| શિક્ષણ | આરોગ્ય | સ્કોલરશિપ | કુલ રકમ |
|---|---|---|---|
| રૂા. ૩૧,૧૨,૦૫૦/- | રૂા. ૧૩,૬૫,૩૬૪/- | રૂા. ૫,૧૧,૪૦૦/- | રૂા. ૪૯,૮૮,૮૧૪/- |

- શ્રી ધર્મેશ એચ. હરીયાણી
વરિષ્ઠ ઉપપ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ





## માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા હવે છેક પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ અને તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આર્થિક સહાય આપવાની ઐતિહાસિક પહેલ.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ડાયનેમિક પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ધર્મેશભાઈ હરિયાણીના નેતૃત્વમાં શિક્ષણ સમિતિના સર્વે સદસ્યો સાથે છેલ્લા બે માસ દરમિયાન બેક ટુ બેક બે વખત ઓફલાઈન અને બે વખત ઓનલાઇન થયેલી મીટીગ માં ઉંડાણપૂર્વકની ચર્ચા, વિચાર-વિમર્શ ના અંતે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો કે જ્ઞાતિના તેજસ્વી હોશિયાર દીકરો કે દીકરી આર્થિક સંકળામણના લીધે પોતાની ઉત્તમ કારકિર્દી બનાવવા શિક્ષણથી વંચિત ના રહે તે માટે દરેક કક્ષાએ મહાપરિષદ તરફથી આર્થિક સહાય કરવી.

મિટિંગમાં ઉપસ્થિત પ્રમુખ શ્રી સતિષભાઈ, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ (નાસીક), શ્રી ધર્મેશભાઈ હરિયાણી, મહામંત્રીશ્રીઓ શ્રી હરીશભાઈ ઠક્કર, ડો. સુરેશભાઈ પોપટ, ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી અશોકભાઇ ગઢિયા , તેમજ મહાપરિષદ શિક્ષણ સમિતિના સભ્યો ડૉ. નિલેશ સૂચક,ડૉ. નિલય ભૂપતાની, શ્રી નિરવભાઈ ઠક્કર, સીએ શ્રી ભરતભાઇ મોદી, ડૉ. જયેશભાઈ ઠક્કર, પ્રોફે. ચંન્દ્રકાંત તન્ના, શ્રી દિલીપભાઈ પંખી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી આનંદ ઠક્કર સૌએ ખૂબ જ મહત્વના નિર્ણય પર એક સૂરમાં સંમતિ દર્શાવી કે જ્ઞાતિના દરેક દીકરો કે દીકરી કોઈ પણ સંજોગો કે પરિસ્થિતિમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે જ. આ હેતુને લઈને માતૃસંસ્થા દ્વારા એક ઐતિહાસિક નિર્ણય લેવાયો કે હવે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણની તમામ શાખાઓ માટે તેમજ UPSC, SPSC, (સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશન) અને બેંક, ઈન્સ્યોરન્સ તેમજ સરકારી ક્લાસ વન અને ટુ વગેરે એમ તમામ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે મહાપરિષદ તરફથી સ્કોલરશીપ આપવી.

આ મિટિંગમાં અત્યાર સુધીના અનુભવોને લઈને શિક્ષણ સહાય આપવાના જુદા જુદા પરિમાણો (Parameters) ને નજર સમક્ષ રાખી માતૃસંસ્થા દ્વારા નવી શિક્ષણ સહાય યોજના તૈયાર કરવામાં આવી છે, જે જુદા જુદા ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે. કેટલાક ચોક્કસ માપદંડો (criteria) સાથે હવે જ્ઞાતિના તમામ જરૂરિયાત મંદ હોશિયાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાશે. પ્રથમ વિભાગ પ્રાથમિક, માધ્યમિક અને સ્નાતક કક્ષાનું શિક્ષણ, બીજો વિભાગ ઉચ્ચ શિક્ષણ અભ્યાસ, ત્રીજો વિભાગ UPSC, GPSC, SPSC જેવી સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી માટે અને ચોથો વિભાગ બેંક, ઈન્સ્યોરન્સ, સ્ટાફ સિલેક્સન અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે આ યોજના વિભાગ મુજબ તૈયાર કરી આ સાથે સામેલ કરી છે.

**સૌ જ્ઞાતિજનો ને નમ્ર અપીલ છે કે રઘુકુળ વિશ્વના આ અંકને કાયમ માટે સાચવી રાખજો કે જેથી જ્ઞાતિના દરેક વિદ્યાર્થીને આ યોજનાની માહિતી અને સ્કોલરશીપની પ્રક્રિયા માટે આપ મદદરૂપ થઈ શકો.**

### માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ રઘુવંશી શિક્ષણ સહાય યોજના

(૧) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર, માધ્યમિક અને સ્નાતક કક્ષા

(૨) ઉચ્ચ શિક્ષણ (પ્રોફેશનલ/વોકેશનલ કોર્સ)

(૩) Upsc Spsc જે સ્પર્ધાતમક પરીક્ષાઓ

(૪) બેન્ક, ઈનસ્યોરન્સ, સ્ટાફ સિલેકશન વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓ.

# (૧) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષા

## ૧) વિદ્યાર્થીઓની યોગ્યતા / લાયકાત :

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્રઢ પણે માને છે કે લોહાણા જ્ઞાતિનો દરેક દિકરો કે દિકરી ઓછામાં ઓછું ધોરણ ૧૨ સુધી તો ભણેલા હોવા જ જોઈએ. અને તેથી જ્ઞાતિના યુવક કે યુવતી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કોઈ આર્થિક અડચણ વિના પહોંચે તે બાબતને ધ્યાનમાં રાખી ધોરણ ૫ થી ધોરણ ૧૨ સુધી વિદ્યાર્થીઓના ગુણાંક, યોગ્યતાને પ્રાધાન્ય આપવાને બદલે તેને આગળ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા નીચે મુજબની મહત્તમ આર્થિક સહાય કરવાનું નક્કી કર્યું છે.

ધોરણ ૫ થી ૮ :- રૂ. ૧૫,૦૦૦/-

ધોરણ ૯ - ૧૦ :- રૂ. ૨૫,૦૦૦/-

ધોરણ ૧૧ - ૧૨ (સામાન્ય પ્રવાહ) :- રૂ. ૨૭,૦૦૦/-

ધો. ૧૧ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) :- રૂ. ૩૦,૦૦૦/-

**ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓના પરિવારની વાર્ષિક આવકના માપદંડો :-**

**ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થી લાભાર્થીઓ :-**

(૧) જેઓના પરિવારની વાર્ષિક આવક રૂ. ૨ લાખ સુધીની હોય તેઓને ૧૦૦% સુધીની સ્કૂલ ફી સહાય મળવાપાત્ર છે.

(૨) રૂ. ૨ લાખથી ૩ લાખની વાર્ષિક આવક હોય :- ૭૫% સુધીની સ્કૂલ ફી સહાય.

(૩) રૂ. ૩ લાખથી ૫ લાખની વાર્ષિક અવાક હોય :- ૫૦% સુધીની સ્કૂલ ફી સહાય મળવાપાત્ર છે.

**શહેરી વિસ્તાર વિદ્યાર્થી લાભાર્થીઓ :-**

(૧) પરિવારની વાર્ષિક આવક રૂ.૩ લાખ સુધીની હોય તો તેઓને ૧૦૦% સુધીની સ્કૂલ ફી સહાય મળવાપાત્ર છે.

(૨) પરિવારની વાર્ષિક આવક રૂ.૩ લાખ થી ૪ લાખ સુધીની હોય તો :- ૭૫% સુધીની સ્કૂલ ફી સહાય.

(૩) પરિવારની વાર્ષિક આવક રૂ. ૪ લાખ થી ૫ લાખ સુધીની હોય તો :- ૫૦% સુધીની સ્કૂલ ફી સહાય.

## સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે :-

સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને માતૃસંસ્થા દ્વારા નીચેના માપદંડો ને ધ્યાનમાં રાખી સકોલરશીપ આપવાનું નક્કી કરાયું છે.

જે વિદ્યાર્થીઓ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત કે ગુજરાત સરકાર માન્ય ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ, સંસ્થા કે યુનિવર્સિટીમાં B.A., B.Com., B.S.C., B.C.A. વગેરે માં અભ્યાસ કરતા હોય તેઓને વાર્ષિક રૂ. ૩૫૦૦/- ની મહત્તમ મર્યાદામાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સ્કોલરશીપ આપવામાં આવશે.

(આ ગુજરાત સરકાર દ્વારા નક્કી થયેલ ધારા ધોરણે છે જે દરેક રાજ્ય પ્રમાણે જુદા જુદા હોઈ શકે છે.)

**પરિવારની વાર્ષિક આવક માપદંડ :-**

ગ્રામ્ય વિસ્તારમાં રહેલા પરિવારો જેઓની વાર્ષિક આવક રૂ. ૨ લાખ હોય તે અરજી કરી શકે છે.

શહેરી વિસ્તારના પરિવારો જેઓની વાર્ષિક આવક રૂ. ૩ લાખ હોય તેઓ અરજી કરી શકે છે.

**અરજી સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો :-**

(૧) સ્કૂલ કે શૈક્ષણિક સંસ્થા દ્વારા પ્રાપ્ત એડમિશન ઓફર લેટર અને ફી કોટેશન ફોર્મની અસલ નકલ.

(૨) છેલ્લા વર્ષની માર્કશીટ, સર્ટિફિકેટ અને પ્રોગ્રેશ રિપોર્ટ.

(૩) આવકના પુરાવા : ઈન્કમ ટેક્સ રિટર્ન / સેલરી સર્ટિફિકેટ (પરિવારના મુખ્ય કમાનાર વ્યક્તિઓના)

(૪) પરિવારના કમાનાર વ્યક્તિઓના છેલ્લા વર્ષના બેંક સ્ટેટમેન્ટ અને બેંક પાસબુકની નકલ.

(૫) મ્યુનિસિપાલિટી / પંચાયત ટેક્સ ભર્યાની પાવતી, ઘર ભાડે હોય તો ભાડાની પાવતી (છેલ્લા છ માસની)

(૬) છેલ્લા છ માસના લાઈટ બિલની નકલો

(૭) છેલ્લા ૬ માસ પરિવારના ફોન બિલની નકલો

(૮) દ્વરૂઝ ડોકયુમેન્ટ જેવા કે વિદ્યાર્થી તથા વાલી નું આધાર કાર્ડ, પાન કાર્ડ /રેશનિંગ કાર્ડ ની નકલો.

(૯) અન્ય મહાજન કે સંસ્થા તરફથી કોઈ શૈક્ષણિક સહાય/સકોલરશીપ મળતી હોય તો તેની વિગત.

(૧૦) કોઈ સરકારી યોજના દ્વારા આર્થિક સહાય પ્રાપ્ત થઈ હોય તો તેની વિગત.

(૧૧) સ્થાનિક મહાજન અથવા માતૃસંસ્થાના શિક્ષણ સમિતિના સ્થાનિક સદસ્ય, રીજીયોનલ પ્રમુખ અથવા ઝોનલ પ્રમુખ નો ભલામણ પત્ર.

**સ્કોલરશીપ પ્રાપ્ત કરવા ઇચ્છિત વિદ્યાર્થીએ કરવાની થતી પ્રક્રિયા નીચે મુજબ છે.**

૧) અરજદાર કે પરિવારજને શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ WWW.LOHANAMAHAPARISHAD.ORG પર થી અરજી ફોર્મ ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરીને સ્થાનિક મહાજનને આપવાનું રહેશે. (જો વેબસાઈટ પરથી સંજોગોવસાત ફોર્મ પ્રાપ્ત ન થઈ શકે તો સ્થાનિક મહાજન / માતૃસંસ્થાના શિક્ષણ સમિતિના સભ્ય / રિજિયોનલ પ્રમુખ અથવા ઝોનલ પ્રમુખ પાસેથી મેળવી શકાશે.)

૨) સ્થાનિક મહાજન તથા માતૃસંસ્થાના ઉપરોક્ત પદાધિકારી શિક્ષણ સમિતિ સભ્ય કે પ્રમુખની સાથે ફોર્મ ની ખરાઈ કરી શ્રી લોહાણા મહાપરિષદને ઇ મેઈલ અથવા પોસ્ટ - કુરીયર થી જે તે પદાધિકારીના ભલામણ પત્ર સાથે ઝોનલ પ્રમુખ અને પ્રાથમીક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શિક્ષણ સમિતિના ચેરમેનને મોકલવાનું રહેશે.

૩) શ્રી લોહાણા મહાપરિષદ સ્થાનિક મહાજન પાસે અપેક્ષા રાખે છે કે ભલામણ કરેલ અરજદાર ને સ્થાનિક કક્ષાએ શક્ય તેટલી આર્થિક

